683

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃસશપ-૧૧૦૭-૨૮૬-અ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- 4 MAR 2008

વંચાણે લીધોઃ- નિયામકશ્રી (વિ.જા.ક) નો પત્ર ક્રમાંકઃવિજાક/જન/જા.પ્ર.૫/૦૭-૦૮
૨૪ થી ૨૫ તા.૧/૧/૦૮

**ઠરાવ :-**

ઉપર્યુકત વંચાણે લીધેલ નિયામકશ્રી (વિ.જા.ક) ની દરખાસ્ત અન્વયે ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ ગાંધીનગરને વર્ષ-૨૦૦૭-૦૮ માટે માનવ ગરીમા યોજનાની રૂ.૧૨૬/- લાખની ગ્રાન્ટ ફાળવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે વર્ષ-૨૦૦૭-૦૮ માં ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમની માનવ ગરીમા યોજના અન્વયે કુલ રૂ.૧૮૨/- લાખની જોગવાઈ કરવામાં આવેલ જે પેટે તા.૯/૭/૦૭ ના પત્રથી રૂ.૫૬/- લાખની ફાળવણી કરવામાં આવેલ હવે બાકી રહેતી માનવ ગરીમા યોજનાની ગ્રાન્ટ રૂ.૧૨૬/- લાખ નીચે જણાવેલ શરતો પ્રમાણે નિગમને હવાલે મુકવા આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ ૨૦૦૭-૦૮ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈમાંથી ઉધારવાનો રહેશે.

(૨) આ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષના લક્ષ્યાંક અને સિધ્ધિ તેમજ થયેલ ખર્ચની વિગતો તાત્કાલિક પુરી પાડવાની રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણા વિભાગની તા.૨૬/૨ /૨૦૦૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.ડી.જાડેજા)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
-નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ગાંધીનગર
-મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ ગાંધીનગર
-નાણા સલાહકારશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
-પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
-બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-સિલેકટ ફાઈલ.
ટીઆરવી-૭૩